૮૦૧/૯૩૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે**

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મહારાજ ઘડીએ ઘડીએ શું તપાસતા રહે છે ?
૨. જીવને શાની તૃપ્તિ થઈ નથી ?
૩. ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં કઈ વાત આવે છે ?
૪. દેહને વિષે જે જીવ છે તે શું જાણે છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. સાધુ વઢીને કહે તો પણ કેમ ગુણ લેવો ?
૨. ક્યા ભક્તને ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે ?
૩. મહારાજને ક્યારે રાજીપો અને કુરાજીપો થાય છે ?
૪. ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકેય સ્વભાવ રાખવો ન હોય તો પણ અયોગ્ય સ્વભાવ રહી જાય છે તેનું શું કારણ છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. માંદા અને ઔષધના દૃષ્ટાંતે નિયમનો મહિમા
૨. ગાડાનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત
૩. આંબલીના કચૂકાનું દૃષ્ટાંત

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. જનકરાજા ભગવાનના પ્રતાપે કરીને વિદેહી દશાને પામ્યા પણ શ્રીપુરુષોત્તમ નારાયણ જેવા થવાને તો સમર્થ થયા જ નહિ.
૨. જયવિજયે ભગવાનના ભક્ત એવા સનકાદિકનો અવગુણ લીધો તેણે કરીને ભગવાનના ધામમાંથી પડ્યા.
૩. મેનકાના ઝાંઝરનો અવાજ સાંભળતાં જ વિશ્વામિત્રને કર્ણેન્દ્રિય થકી વિષયની ઉત્પત્તિ થઈ.
૪. કેવળ પાઠ્યપુસ્તકથી વિદ્યા ન વરે પણ શિક્ષક તો જોઈએ જ.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. જે ગૃહસ્થ હોય તે તો ...... હરિભક્તમાં મોટેરો જાણવો.
૨. એકાંતિક ભક્ત હોય ...... બીજી મોટી પદવી નથી.
૩. ભગવાનના સંતની સેવા ...... કૃતાર્થ થઈ જાય છે.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪' - નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ઉત્સવો દ્વારા સંપ્રદાયનું સંગઠન અને વિકાસ
૨. સંતો-ભક્તોને નડેલો સ્વભાવ - દોષ
૩. ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતી તેમની સર્વોપરિતા

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. પાંચસો પરમહંસોને વૈરાગીઓનો ત્રાસ
૨. રાજમાતા કુશળકુંવરબા ભક્તિનો આદર્શ
૩. શ્રીહરિએ કરેલા અહિંસક યજ્ઞો

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. રૂપરામ ઠાકરે ખાંડ ન આપી અને બળતરા થઈ.
૨. ઈડરિયો ગઢ જીત્યા
૩. દેહાખાચરની રક્ષા
૪. મેઘજીતનો પરાજય
૫. સંપ્રદાયના ઇતિહાસમાં અમર ગાથા : મઠનો રોટલો

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને "સત્સંગ પ્રાજ્ઞ-૨-૧" પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. નિત્યાનંદ સ્વામી

૨. દાદાખાચર

**વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રણમાંથી એક)** [૧૨]

૧. યોગીજી મહારાજની ઑફિસનો અનુપમ પત્રવ્યવહાર

૨. બાલ્યકાળમાં સદ્ગુણોથી ખીલી ઊઠતું ઝીણા ભગતનું વ્યક્તિત્વ

૩. દાસના દાસ યોગીજી

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]

૧. અક્ષર મંદિર ગોંડલના નિર્માણમાં યોગીજી મહારાજનું યોગદાન

૨. જૂનાગઢમાં ઝીણાભગત

૩. અંતિમ સમયની દિવ્ય સ્મૃતિઓ (ત્રણ પ્રસંગો)

૪. વાત્સલ્યમૂર્તિ

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]

૧. મને એના જીવની દયા આવે છે.

૨. મને તો મારી જયંતી ઉજવે તે ન ગમે.

૩. દવા તરીકે બદામ - એલચી જમ્યા.

૪. બટાટા રાખથી ઉટકાવ્યા.

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. આધ્યાત્મ જ્ઞાનની ગોઠડી : પ્રશ્નોપનિષદ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૪ થી ૬, ૫૦)

૨. પ્રશંસા અને અહંકારથી પર યોગીજી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૨૮ થી ૩૩, ૪૬ થી ૪૯)

૩. વનવાસીઓના વનમાળી - પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ-મે - ૨૦૧૧)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**